વડીલોને વંદન અભિનંદન

જયોતિકાબેન એચ. શાહ
(૧૯૫૩)ફોનઃ ૨૩૨૨૩૨૪૬૯

ભુપેન્દ્રભાઈ મણીલાલ શાહ
(૧૯૩૯)ફોનઃ ૨૩૨૩૬૫૧૫

જયેન્દ્રકુમાર નગીનદાસ પરીખ
(૧૯૫૦)ફોનઃ ૨૩૨૨૨૧૩૩

ઠાકોર સમાજનો પ્રથમ સમૂહ લગ્નોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૧૪

અખિલ ગુજરાત ઠાકોર વિકાસ સંઘ દ્વારા ઠાકોર સમાજનો પ્રથમ સમૂહ લગ્નોત્સવ ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં ૨૧ યુગલોએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. આ પ્રસંગે સમાજના અગ્રણી પુંજાજી ઠાકોર, ચેરમેન, નટુજી ઠાકોર, પૂર્વ સાંસદ રાજ્યસભા, રોહિતજી ઠાકોર ભામાશા, ચુંદડીવાળા માતાજી અંબાજી, સહિત મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા. યુગલોને સમાજ તરફથી મોટી સંખ્યામાં ભેટ સોગાદો આપવામાં આવી હતી.

દૂધ સાગર ડેરીના અધિકારીઓની ધરપકડના વિરોધમાં ઊંઝામાં રેલી યોજાઈ

ઊંઝા, તા. ૧૪

મહેસાણા દૂધ સાગર ડેરીના નિયામક મંડળ દ્વારા રાહતદાણ આપવાના મામલે કરાયેલી પોલીસ ફરિયાદના આધારે પોલીસે સંઘના અધિકારીઓની કરેલી ધરપકડના વિરોધમાં ઊંઝા ખાતે આજે ડેરી કર્મચારી યુનિયન દ્વારા રેલી યોજાઈ હતી. આ રેલીમાં યુનિયનના આગેવાનો, સભાસદો અને કર્મચારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા તેમજ રેલી ગાંધી ચોકથી નીકળી મામલતદાર કચેરીએ ગઈ હતી જ્યાં મામલતદારને આવેદનપત્ર અપાયું હતું.

રાહતદાણ અંગેની ફરિયાદના આધારે પોલીસે ડેરી કર્મચારી યુનિયનના સભાસદ તેમજ સંઘના વરિષ્ઠ અધિકારી રશ્મિકાંત મોદી અને મેનેજીંગ ડિરેકટર એન.જે. બક્ષીની ધરપકડ કરી હતી. આ ધરપકડનો વિરોધ કરવા ડેરી કર્મચારી યુનિયન દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ડેરી યુનિયન દ્વારા મામલતદારને અપાયેલ આવેદનપત્રમાં આ ધરપકડ સી.પી.પી.ની જોગવાઈ વિરુદ્ધ હોવાની તેમજ ભારતીય બંધારણે બક્ષેલા મૂળભૂત અધિકારોનું ભંગ કરનારી પણ ગણાવાઈ હતી. વધુમાં ધરપકડના કિસ્સામાં નામદાર સર્વોચ્ચ અદાલતની માર્ગદર્શિકાનું પણ પાલન કરાયું નથી તેવું જણાવાયું હતું. વળી ફરિયાદમાં આરોપના કોલમમાં કોઈ નામ ના હોવા છતાં આ ધરપકડ કરાઈ છે જે રાજકીય કારણોસર હોવાનું જણાવાયું છે.

આ આવેદનપત્રમાં અધિકારીઓનો બચાવ કરતા જણાવાયું હતું કે મહારાષ્ટ્ર અને સૌરાષ્ટ્રમાં દુકાળની આફત દરમિયાન મદદરૂપ થવાના હેતુસર પશુધન અને ગૌમાતાના રક્ષણાર્થે નિયામક મંડળે રાહતથી દાણ આપ્યાનો દાવો કરાયો હતો. જે અંતર્ગત ડેરી નિયામકના નિર્ણયનો વહીવટી અમલ કરવા દરેક કર્મચારી બંધાયેલો હોવાનો બચાવ રજૂ કરાયો છે. આ ઉપરાંત પોલીસનું કૃત્ય કર્મચારીઓનું નૈતિકબળ તોડવા અને રાજકીય કારણોસર ધરપકડ કરાઈ હોવાના આક્ષેપ સાથે અધિકારીઓને છોડવા માંગ કરાઈ છે.

પ્રાંતિજમાં બીએસએનએલના ૪૦૦ ગ્રાહકોના ફોનની ગંટડી બે દિવસથી બંધ

પ્રાંતિજ, તા. ૧૪

પ્રાંતિજ શહેરમાં બી.એસ.એન.એલ. કંપનીના ટેલીફોન ધરાવતા ગ્રાહકોની પરેશાનીઓ હજુ પણ ઓછી થવાની નામ લેતી નથી. શહેરમાં બીએસએનએલના ૪૦૦ થી વધારે ફોનની ગંટડીઓ બે દિવસથી બંધ થતા ગ્રાહકો પરેશાન થઈ ગયા છે.

પ્રાંતિજ ખાતે છેલ્લા બે દિવસથી બીએસએનએલ કંપનીના ટેલીફોન ધરાવતા ગ્રાહકો પરેશાન ભોગવી રહ્યા છે. પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલી સોસાયટીઓ અને દુકાનદારો બીએસએનએલ ટેલીફોનનું કનેક્શન ધરાવે છે. ત્યારે આ કનેક્શનોમાં ક્ષતિના કારણે ટેલીફોન અને ઈન્ટરનેટ સેવા ઠપ્પ થઈ જવાથી વેપારીઓ ચિંતિત થઈ ગયા છે.

બીએસએનએલના ૪૦૦ થી વધારે કનેક્શન ધરાવતા ફોનની ગંટડી બંધ થઈ જવા પામી છે. ત્યારે વેપારીઓ અકળાઈને કહેવા લાગ્યા છે કે ઈન્ટરનેટ અને વાયરલેસના સમયમાં બીએસએનએલ હજુ પણ જુના ગુંચડા ફેરવવામાંથી જ બહાર આવતુ નથી.

આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે કંપની તરફથી જરૂરી માલસામાન સમયસર આપવામાં આવતો નથી અને તેના કારણે ગ્રાહકોને અવારનવાર સમસ્યાનો સામનો કરવો પડે છે. ત્યારે વેપારીઓએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે અમારી સમસ્યાનો ઝડપથી હલ લાવવામાં નહી આવે તો અમારે અન્ય કંપનીના કનેકશન લેવા પડશે.

તલોદમાં કમળાના રોગચાળાની ભીતિ

તલોદ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ નગર વિસ્તારમાં કમળાના રોગના દરદીઓની સંખ્યા ડઝનમાં નોંધાતા રોગચાળો વ્યાપક બનશે તેવી ભિતી લોક હૈયામાં સેવાઈ રહી છે. આ વરવી વાસ્તવિકતાને આરોગ્યતંત્ર દ્વારા પણ સમર્થન પુરૂ પાડવામાં આવેલ છે.

છેલ્લા કેટલાક દિવસથી તલોદ નગર વિસ્તારમાં કમળાના રોગચાળાએ માથુ ઉંચકતા ખાસ કરીને બાળકોને તથા યુવાનોને પણ હોસ્પિટલના બિછાને સારવાર લેવા મજબૂર કરી દીધા છે. કમળાના રોગચાળામાં સપડાયેલા સંખ્યાબંધ દરદીઓ મોંઘીદાટ દાક્તરી સારવાર લેવા મજબૂર બન્યા છે. તો બીજી તરફ લગભગ 'સબ સલામત અને રોગચાળો ભયજનક નહિ' હોવાનો દાવો તંત્ર કરી રહ્યું છે.

તલોદ બજારમાં ચાલતા ગટર યોજનાના ખોદકામ દરમ્યાન છાસવારે પાણી પુરવઠાની પાઈપલાઈનો તુટી જતાં તથા તેમાં દૂષિત પાણી ભળી જતા અને તે પાણી ઉકાળ્યા વિના પીવાના ઉપયોગમાં લેવામાં આવતું હોવાને કારણે કમળાના આ રોગચાળાએ પોતાનો પંજો ફેલાવ્યો હોવાનું પણ સત્તાવાર વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

આરોગ્ય વિભાગની ટીમોએ જહેમત હાથ ધરીને ઘર દીઠ માત્ર ૩-૪ જેટલી ક્લોરીનની ટીકડીઓની ક્યાંક ક્યાંક વહેંચણી કરી છે. બ્લોક હેલ્થ ઓફિસ તરફથી નગરપાલિકા સૂત્રોને 'વોટર ક્લોરીનેશન' કરવાની અને અસરગ્રસ્ત વિસ્તારોની પ્રજાને ખાસ ઉકાળેલુ પાણી જ ઉપયોગમાં લેવાની પણ સુચના આપી હોવાનું જાણવા મળેલ છે.

ઉનાવા ગામે મહાકાળી માતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

ઊંઝા નજીકના ઉનાવા ગામે વણકર વાસમાં શ્રી મહાકાલી માતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. જેમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાયા હતા. આ પ્રતિષ્ઠા મહોત્સવના પ્રારંભે સાંજે જ્યોતનું સ્વાગત કરવામાં આવ્યું હતું. બાદમાં રાસ ગરબાનું આયોજન કરવામાં આવતા ભક્તોએ ગરબાની રમઝટ જમાવી હતી જ્યારે કાર્યક્રમના બીજા દિવસે યજ્ઞના આરંભ સાથે જ માતાજીની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જે વાજતે ગાજતે સમગ્ર વિસ્તારમાં ફરી નીજ મંદિરે પહોંચી હતી. બાદમાં મૂર્તિ પ્રતિષ્ઠા શિખર અને ધ્વજા આરોહણના ધાર્મિક કાર્યક્રમો યોજાયો હતો. જેમાં મહંત શંકરહંસજી અને રતનદાસજી ઉપસ્થિત રહ્યા હતા અને આશીર્વચન પાઠવ્યા હતા.

રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થામાં ૨૮મી સુધી પ્રવેશ કાર્યવાહી

વિદ્યાર્થીઓ માટે ઘરેબેઠા શિક્ષણ મેળવવાની ઉત્તમ તક

ગાંધીનગર, તા. ૧૪

રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાનમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક અભ્યાસક્રમમાં ૨૮ ફેબ્રુઆરી સુધી પ્રવેશ કાર્યવાહી આપશે. વિદ્યાર્થીઓ નજીકના અધ્યયન કેન્દ્ર અથવા એન.આઈ.ઓ.એસ. વેબસાઈટ પરથી પ્રવેશ મેળવી શકશે. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી ઓક્ટોબર નવેમ્બર ૨૦૧૪માં પરીક્ષા આપી શકશે. સંસ્થાના ક્ષેત્રીય નિયામક ડૉ. રાજેશકુમારે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે ભારત સરકારની આ સંસ્થા મુક્ત શિક્ષણ પ્રણાલીથી શાળાકીય શિક્ષણ પુરૂ પાડે છે. જેમાં વિદ્યાર્થીઓએ શાળાએ જવાની જરૂર હોતી નથી. ઉંમરમાં બંધન વિના ઓછી ફી ના આધારે વિષય અને માધ્યમ પસંદગીની પણ છૂટ આપવામાં આવે છે. વિદ્યાર્થીઓને ઘરે રહીને અભ્યાસ કરવાની તક મળે છે. દર વર્ષે ૪ લાખ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે છે. ગુજરાતમાં સંસ્થાના ૪૫ જેટલા અભ્યાસકેન્દ્રો કાર્યરત છે.

ડુપ્લીકેટ સી.ડી.નું વેચાણ કરતો વેપારી ઝડપાયો

ઊંઝા, તા. ૧૪

સરદાર કોમ્પલેક્ષમાં આવેલી એક સી.ડી. કેસેટો વેચતી દુકાનમાં પોલીસે અચાનક દરોડો પાડ્યો હતો. જેમાં ૫૯૦૦ જેટલી ડુપ્લીકેટ કેસેટોનો જથ્થો અંદાજીત ત્રણ લાખની કિંમતનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો. દુકાનમાલિક વિરૂદ્ધ કોપી રાઈટ એક્ટના ભંગ બદલ ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસના જણાવ્યા મુજબ ઊંઝા શહેરના સરદાર કોમ્પલેક્ષમાં ગ્રાઉન્ડફલોર પર આવેલી દુકાન નં. સી-૪૫માં સુપર કેસેટ કંપની તેમજ અન્ય કંપનીની ડુપ્લીકેટ કેસેટોનું અનઅધિકૃત રીતે વેચાણ થતુ હોવાની કંપનીના અધિકારીઓએ સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવતા દરોડો પાડવામાં આવ્યો હતો.

દરોડામાં ૫૯૦૦ જેટલી ડુપ્લીકેટ સી.ડી. ડી.વી.ડી.નો જથ્થો મળી આવ્યો હતો. જેની અંદાજીત કિંમત ત્રણ લાખ રૂપિયા જેટલી થવા જાય છે. ડુપ્લીકેટ મુદ્દામાલ પોલીસે કબજે લઈ દુકાન માલિક પિન્ટુ બાબુલાલ પટેલ, રહેવાસી ઊંઝાની ધરપકડ કરી પોલીસે કોપી રાઈટ એક્ટ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મકાનની ફાળવણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકારના બાંધેલા મકાનો વધુ મજબુત હોય છે. જેનો લાભ આમ નાગરિકોને આપવાનું ઉમદા કામ હાથ ધરાયું છે. ગુડાના મુખ્ય કારોબારી અધિકારી ડી. તારાએ પણ શુભ-લાભ આવાસ યોજના અન્વયે પાણી, ગટર, રસ્તા અને બગીચા સહીતની તમામ સુવિધાઓ લાભાર્થીઓ માટે ઉપલબ્ધ કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. જ્યારે મકાનમાં એક નાનો સ્ટડીરૂમ પણ બનાવાયો છે. શુભ-લાભ આવાસ યોજનાના ડ્રો દરમિયાન સમાજ કલ્યાણ બોર્ડના અધ્યક્ષ હેમલતાબેન બારોટ, જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપ, ધારાસભ્ય શંભુજી ઠાકોર સહીત જિલ્લા અને તાલુકાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વેલેન્ટાઈન ડે ને લઈ શહેરના બાગ બગીચા પ્રેમી-પંખીડાઓથી છલકાયા

હોટલો, સિનેમાઘરો અને ગીફ્ટ શોપમાં ભારે ભીડ જોવા મળી

ગાંધીનગર, તા. ૧૪

દિન મહિને સાલ ગુજરતે જાયેગે હમ પ્યાર મેં જીતે પ્યાર મેં મરતે જાયેગે... વેલેન્ટાઈન દિવસને લઈને કેટલાય પ્રેમીપંખીડાઓએ આવા ગીતો ગણગણાવતા નજરે પડ્યા હતા. ૧૪મી ફેબ્રુઆરી એટલે પ્રેમી

પંખીડાઓ માટે પ્રેમની અભિવ્યક્તિ કરવાનો દિવસ. આજ દિવસને લઈને શહેરના તમામ બગીચાઓ પ્રેમી પંખીડાઓથી ઉભરાઈ ગયા હતા. અને ગીફ્ટ આર્ટિકલની દુકાનો અને પ્રેમના પ્રતિક સમા ગુલાબના ફૂલની ખરીદી કરવા યુવાનોએ મોં માગ્યા દામ આપ્યા હતા.

જીસકા મુજે થા ઈંતજાર વો ઘડી આ ગઈ આજ... આજના યુવાનો આ દિવસને લઈને ખુબજ ઉત્સાહીત થઈ જતા હોય ૧૪મી ફેબ્રુઆરી એટલે વેલેન્ટાઈન દિવસ. અને મહિનાઓ પહેલાથી વેલેન્ટાઈન દિવસ મનાવવાનું આયોજન કરતા હોય છે. પોતાની પ્રેમિકાને ખુશ કરવા માટે અવનવી ગીફ્ટ આપવાની મથામણ પણ કરતા હોય છે.

આજના દિવસને લઈને શહેરના મહાત્મા મંદિર પાસેનું ગાર્ડન, સેક્ટર-૨૮ બગીચો, અક્ષરધામ મંદિર, ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, પુનિતવન, ફનવર્લ્ડ, સિનેમાઘરો અને પ્રેમીઓ માટેના બગીચા તરીકે ઓળખાતા સરિતા ઉદ્યાન પ્રેમી-પંખીડાઓથી ઉભરાઈ રહ્યા હતા. એકબીજામાં ખોવાઈ ગયેલા જણાતા હતા.

બગીચાઓમાં શહેર ઉપરાંત આજુ-બાજુના ગામડાના પંખીડાઓ પણ મુક્તમને વિહરતા જોવા મળ્યા હતા. ત્યારે પોતાની પ્રેમીકાને મળવા માટે ખાલી હાથે તો નાજ જવાય ને. જેના કારણે શહેરની ગીફ્ટ આર્ટિકલની દુકાનોમાં ભારે ભીડ જોવા મળતી હતી. ત્યારે શહેરમાં ગુલાબ વેચતા વેપારીઓ પાસે આજના દિવસને લઈને વાતચીત કરવાનો સમય પણ ન હતો.

સામાન્ય દિવસોમાં ૧૫ રૂ.માં મળતુ ગુલાબનું ફુલ આજે રૂ. ૫૦માં વેચાયું

સામાન્ય દિવસોમાં ૧૦ થી ૧૫ રૂ.માં વેચાતા ગુલાબના ફુલનો ભાવ ૨૫ થી ૫૦ રૂપિયા થઈ ગયો હતો. અને ગીફ્ટની દુકાનોમાં પણ આજના દિવસને લઈને સારી આવક થવા પામી હતી. ત્યારે શહેરના સિનેમાઘરોમાં પણ વેલેન્ટાઈન દિવસને લઈને તમામ શો હાઉસફુલ થવા પામ્યા હતા. મોબાઈલની

દુકાનો, હોટલોમાં ભારે ઘસારો જોવા મળ્યો હતો. પ્રેમિઓ પ્રેમિકાઓ માટે મોં માગ્યા દામ આપતા નજરે ચડ્યા હતા.

વેલેન્ટાઈન દિવસને લઈને અમે વિવિધ વર્ગના યુવક યુવતિઓનો અભિપ્રાય માગ્યો હતો. જેમાં જણાઈ આવ્યું હતું કે સૌથી વધારે ૨૫ વર્ષથી નીચેની વયના યુવક યુવતિઓ વધારે ઉત્સાહિત થઈ આ દિવસને ઉજવે છે. જ્યારે સૌથી વધારે વિરોધ ૫૦ વર્ષથી વધુના સિનિયરો કરે છે. અને તેમાંથી ઘણા સિનિયરોએ જણાવ્યું હતું કે યુવાનોને વિવિધ દિવસો યાદ રહેતા હોય છે. પણ પોતાના માતા-પિતાનો જન્મ દિવસ ક્યારેય યાદ રહેતો નથી. તો ઘણાએ એવું કહ્યું હતું કે આ તો ફક્ત રૂપિયાનો ધુમાડો કરવાનો દિવસ હોય તેમ લાગે છે.

રાજયની સ્વનિર્ભર શાળાઓને આર્થિક સહાય આપવાની માંગ : આજે રેલી

નોન ગ્રાન્ટેડ શાળાના શિક્ષકોની ઘ-૦ થી રેલી નીકળશે ગ્રાન્ટેડ શાળાની જેમ લાભો આપવા પ્રબળ માંગણી

ગાંધીનગર, તા.૧૪

રાજયની નોન ગ્રાન્ટેડ શાળાના કર્મચારીઓને ગ્રાન્ટેડ શાળાના કર્મચારીઓની જેમ લાભો આપવાની ઉગ્ર માંગ સાથે આજે હિત વર્ધક સમિતિ દ્વારા ઘ-૦ થી સત્યાગ્રહ છાવણી સુધી રેલી યોજવામાં આવશે. મોંઘવારીના કપરા સંજોગમાં કર્મચારીઓને આર્થિક નુકશાન થઈ રહ્યું હોવાનો આક્રોશ વ્યકત કરી સમિતિ દ્વારા આ મામલે ન્યાય નહીં મળે તો ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપવાની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

નોન ગ્રાન્ટેડ શાળાના કર્મચારીઓની હિત વર્ધક સમિતિના પ્રતિનિધિ નાનજીભાઈ ચૌધરીએ આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે રાજયની તમામ નોન ગ્રાન્ટેડ શાળાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને અનુલક્ષી સરકારે નવી આર્થિક પ્રોત્સાહક સહાય નીતિ જાહેર કરી છે પરંતુ તેમાં કર્મચારીઓનું કોઈ પણ પ્રકારનું હીત જળવાતું નથી. મોટા ભાગની સ્વનિર્ભર શાળાઓને કોઈ લાભ થતો નથી. હિત વર્ધક સમિતિઓની વિવિધ ૬ માંગણીઓ સંદર્ભે મુખ્યમંત્રી સમક્ષ રજુઆત કરવામાં આવી છે. જેમાં સ્વનિર્ભર શાળાના કર્મચારીને પગાર તેમજ નોકરીના રક્ષણની જોગવાઈ કરવી અનુદાનિત શાળાઓની જેમ ૩૦ ટકાથી ઓછા પરિણામ વાળી શાળાઓને પણ ગ્રાન્ટ આપવી ગ્રામ્ય વિસ્તારની શાળાઓના સામાજિક-શૈક્ષણિક પછાત વિદ્યાર્થીઓને તમામ પ્રકારની શિષ્યવૃત્તિઓનો તેમજ જરૂરી સવલતોનો લાભ આપવો. મંડળે કરેલ કર્મચારીઓની નિમણુંકને માન્ય ગણી ખાતાકીય લાભો આપવા જોઈએ. સાક્ષરતા દર સુધારવા કન્યા કેળવણીને લઈ વિવિધ લાભો આપવા જોઈએ.

માત્ર ધો-૯ જ નહીં પરંતુ તમામ વર્ગોને આર્થિક સહાય હેઠળ આવરી લેવા પણ રજૂઆત કરવામાં આવી છે. આ સઘળી બાબતોને ધ્યાને લઈ ન્યાય મેળવવા હીતવર્ધક સમિતિ દ્વારા ૧૫ ફેબ્રુઆરીના રોજ બપોરે ૧ કલાકે ઘ-૦ થી સત્યાગ્રહ છાવણી સુધી રેલી યોજવામાં આવશે. આ દરમિયાન શિક્ષણમંત્રીને આવેદનપત્ર પણ આપવામાં આવશે.



વાતાવરણમાં ઋતુ બદલાવ આવી રહ્યો છે, જેના પ્રતાપે ઠંડી વિદાય લઈ રહી છે અને ગરમીનું સામ્રાજય ધીરે ધીરે તેનો પગદંડો જમાવતું જાય છે. ગરમીની સીઝનમાં લોકો ઠંડક મેળવવા અનેક પ્રકારના પીણાંઓનો સહારો લેતા હોય છે જેમાં સૌથી વધુ લોકપ્રિય શેરડીનો તાજો રસ છે. ગરમીના પગરણ મંડાતા જ શહેરમાં શેરડીના સંચા (કોલા) શરૂ થઈ ગયા છે. (તસવીર : કશ્યપ નિમાવત)

નવા મ્યુનિ. કમિશનર

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગે આજે કરેલા હુકમમાં તાજેતરમાં આઈએએસ તરીકે બઢતી પામેલા અધિકારીઓને નિયમિત નિમણુંક અપાઈ છે. જેમાં શ્રી પૂજારાને સીએલપીઓ, શ્રી મનોજ કોઠારીને શિક્ષણ વિભાગમાં, શ્રી એચ.કે. પટેલને જિલ્લા વિકાસ અધિકારી તરીકે બનાસકાંઠામાં, શ્રી વી.એ. વાઘેલાને જેડામાં, સી.એલ. ચૌધરીને મા.શિ. બોર્ડમાં, શ્રી એસ.એ. પટેલને આબકારી કમિશનર તરીકે નિમણુંક આપવામાં આવી છે.

'આપ' સરકારનું રાજીનામું

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ અમે કામ કરવાના પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે ભાજપ અને કોંગ્રેસના લોકો આને ગેરબંધારણિય ગણાવી રહ્યા હતા. મુખ્યમંત્રીએ એમપણ કહ્યું હતું કે, અમારા શાસનના ૪૮ દિવસમાં ભ્રષ્ટાચારને રોકવામાં ઘણા અંશે સફળતા મળી હતી. કેજરીવાલે પક્ષના કાર્યકરો અને મોટી સંખ્યામાં સ્વયંસેવકોને સંબોધન કરીને રજૂઆત કરી હતી. કેજરીવાલનું કહેવું હતું કે, એએપીના કેટલાક પ્રધાનો સામે આંગળી ઉઠી હતી. અરવિંદ કેજરીવાલે પ્રશ્ન કરતા કહ્યું હતું કે, તેમની રેલી અને હેલિકોપ્ટર માટે મોટી ક્યાંથી નાણાં લાવી રહ્યા છે. ઉદ્યોગપતિ મુકેશ અંબાણી સામે અમે એફઆઈઆર દાખલ કરી હતી. આ દેશની સરકારને મુકેશ અંબાણી જ ચલાવી રહ્યા હતા. કેજરીવાલે મોડી સાંજે ૮.૩૦ વાગ્યાની આસપાસ રાજીનામું આપ્યું હતું. મુખ્યમંત્રીએ અગાઉ કહ્યું હતું કે, ભાજપ અને કોંગ્રેસ દિલ્હી વિધાનસભામાં જનલોકપાલ બિલને પછડાટ આપવા એક થઈ ગયા હતા. કોંગ્રેસે જનલોકપાલ બિલને ટેકો આપવાની ખાતરી આપી હતી. પક્ષના કાર્યકરોને સંબોધતા કેજરીવાલે રાજીનામાનું પત્ર પણ દર્શાવ્યું હતું. આજે દિવસભર વ્યસ્ત ઘટનાક્રમોનો દોર ચાલ્યો હતો. કેબીનેટની બેઠક, સાથિયો સાથેની બેઠક પણ ચાલુ રહી હતી. અગાઉ વિધાનસભામાં હોબાળો પણ થયો હતો. જનલોકપાલબિલને લઈને ભારે હોબાળો મચી ગયો હતો. જનલોકપાલ બિલ વિધાનસભામાં રજૂ થઈ શક્યું નહતું. જનલોકપાલને લઈને કેજરીવાલ સરકાર અને કેન્દ્રની યુપીએ સરકાર આમને સામને રહી હતી. આજે વિધાનસભામાં જનલોકપાલનો ભાજપ અને કોંગ્રેસ બન્ને દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. કેજરીવાલ જનલોકપાલને લઈને પહેલાથી જ કહી ચુક્યા હતા કે, તેઓ કોઈપણ પગલું લઈ શકે છે. કેજરીવાલનું કહેવું હતું કે, સરકારનું આ સૌથી મોટું બિલ હતું જેને રજૂ કરવાની તક આપવામાં આવી નહતી. જનલોકપાલ બિલને લઈને ઉપરાજ્યપાલ નજીબ જંગ પણ આક્રમક દેખાયા હતા.

સિવીક સેન્ટર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ફરિયાદોનો નિકાલ કરવાની સમય-મર્યાદાને લઈ તંત્રના અધિકારીઓએ મૌન સેવ્યુ છે. આ સિવીક સેન્ટરમાં ફરિયાદ ફોન, એસએમએસ અને વોટ્સઅપ દ્વારા નોંધાવી શકાશે. ફોન માટે હેલ્પલાઈન નંબર ૨૩૨-૨૯૯૯૯ છે જ્યારે એસએમએસ માટે ૯૭૨૭૭૭૨૧૯૯ છે. વોટ્સઅપ માટે પણ આજ નંબર રહેશે. ફરિયાદીને ફરિયાદ નંબર તુર તજ આપી દેવામાં આવશે. જો કે ફરિયાદનો નિકાલ થયા બાદ એસ.એમ.એસ.થી ફરિયાદીને જાણ કરવામાં આવશે તેવો દાવો તંત્રના અધિકારીઓએ કર્યો છે.

ગાંધીનગર મહાનગરપાલિકાએ પ્રજાભિમુખ વહીવટ માટે આ સિવીક સેન્ટર શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. જો કે મહાનગપરપાલિકા પાસે હાલ માત્ર ને માત્ર સફાઈની કામગીરી જ હોવાથી સફાઈને લગતી ફરિયાદોનો સમાવેશ કરાયો છે ઉપરાંત વેરાના આકારણી બિલોની ફરિયાદોનો સમાવેશ કરાયો છે. નાગરિક ફરિયાદ નિયમન વ્યવસ્થાના નામે શરૂ થઈ રહેલ આ સેન્ટર માટે ખાસ સોફ્ટવેર કોર્પોરેશન દ્વારા વસાવવામાં આવ્યું છે. તંત્ર દ્વારા આ પ્રકારનો પ્રથમ પ્રયોગ છે. હજુ ટ્રાયલ રન આ પ્રોજેક્ટનો શનિવારે થશે તેમ જાણવા મળેલ છે. કોંગ્રેસ પક્ષ સત્તા પર હતો ત્યારે આ સુવિધા શરૂ કરવાનો સ્ટેન્ડીંગ કમિટીમાં નિર્ણય લેવામાં આવ્યો હતો તેના બે વર્ષ બાદ આ પ્રથા અમલી બની રહી છે.

મુલાકાતી પ્રવેશ પાસ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાલ સચિવાલય પોઈન્ટ બસસ્ટેન્ડથી સચિવાલય સંકુલમાં ફરજ બજાવતા કર્મચારીઓ-અધિકારીઓ સંકુલમાં આવવા-જવા માટે ચાલીને ગેટ નં.૮નો વોક-વે તરીકે જે રસ્તાનો ઉપયોગ કરે છે તે માત્ર સવારે આવવા અને સાંજે જવા માટે ઉપયોગ કરવામાં આવે છે તે રસ્તા મારફત આવવા-જવા માટે સવારે ૯.૩૦થી સાંજે ૭.૦૦ વાગ્યા સુધી વોક-વે તરીકે ખુલ્લો રાખવાનો નિર્ણય કરાયો છે. ગુજરાત વિધાનસભા સત્ર પુરતી વિધાનસભાની મુલાકાત લેનાર શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ ગ્રૂપ બુકીંગમાં પથિકાશ્રમ, ગાંધીનગર ખાતેથી પાસ આપવા માટેની આગોતરી વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે.

શબ્દાવલી - ૫૩૧૪



આડી ચાવી

૧. ટાઢ ચડીને આવતો તાવ(૪)
૩. આવવું તે, ... જાવન (૩)
૬. ધુજારી, ભયભીત થવું તે(૪)
૭. ઉનાળો (અંગ્રેજીમાં) (૩)
૮. અગાશી, ગેલેરી (૩)
૧૧. ઢોરને ચારો આપે તે (૨)
૧૩. રમ્ય, સુંદર (૪)
૧૪. પુરૂષ (૨)
૧૫. નવું, તાજુ (૩)
૧૬. ફુલવાળુ એક ઝાડ (૩)
૧૭. પગલાનો અવાજ (૪)
૧૯. ઓળખ, કસોટી (૩)
૨૦. અંધારું (૩)

ઊભી ચાવી

૧. મન હરી લે તેવું (૪)
૨. ખાલી, શૂન્ય (૨)
૩. જીવનપર્યંત (૪)
૪. સાર, સત્ત્વ (૨)
૫. ભીંનાશ, કુમળાશ (૨)
૬. સુંદર (૪)
૯. જેમ તેમ ફેલાયેલું (૫)
૧૦. સમાવવું, દબાવવું (૩)
૧૨. હેતુ, ઉદ્દેશ (૩)
૧૪. ગભરાયેલ (૪)
૧૬. કૃમિ, કરમીયા (૩)
૧૮. ગયેલું (૨)

શબ્દાવલી ૫૩૧૩ના જવાબ

આડી ચાવી :- (૧) કદમ (૪) આગબોટ (૭) રણસંગ્રામ (૯) ખાવા (૧૦) નફ્ફટ (૧૧) ધનતેરસ (૧૪) મહાબો (૧૬) ફકીર (૧૭) શેલ (૧૯) ભારતવાસી (૨૧) સતવાણી (૨૨) તર

ઊભી ચાવી :- (૧) દરવાન (૩) મણ (૪) આગ્રા (૫) ગમન (૬) ટમટમ (૮) સંસાર (૯) ખાધ (૧૨) તેતર (૧૩) સમશેર (૧૫) હાલત (૧૬) ફણસ (૧૮) તાસીર (૧૯) ભાણી (૨૦) વાત